सत्यमेव जयते

**પલસાણાના મહે.જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (જે.જે. આહુજા) સાહેબની કોર્ટમાં...**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ:– | ૨૩.૦૩.૨૦૨૬ |
| ક્રિમિનલ કેસ ક્રમાંક:– | ૬૯૬૫/૨૦૨૧ |
| આંક:– | |
| પ્રથમ બાતમી અહેવાલ ક્રમાંક અને પોલીસ સ્ટેશન:– | ૧૫૭૬/૨૦૨૧ કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશન, તા.પલસાણા. |
| ફરિયાદી:– | શ્રી સરકાર (રાજય) |
| ફરિયાદપક્ષે:– | વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી જે.ડી.પટેલ |
| આરોપી:– | (૧) નામ:– સકંન્તી રાજેશભાઇ સોમલા મસાનીયા<br>ઉંમર:– ૨૪ ધંધોઃ– નોકરી<br>સરનામુંઃ– ૩૧૩ શ્રીરામ બિલ્ડીગ સોનીપાર્ક, તાતીથૈયા, તા.પલસાણા,જી.સુરત.<br>મૂળ રહે–બાગ ગામ થાના–બાગ, તા–ઉકરતી,જી–ધાર(મધ્યપ્રદેશ)<br>(૨) નામ:– ગૌરવીદેવી રામુભાઇ મલ્લુભાઇ પાસવાન<br>ઉંમર:– ૪૨ ધંધોઃ– નોકરી<br>સરનામુંઃ– રૂમ નં.૯ મહેશભાઇની બિલ્ડિંગમાં તિવારીજીની બિલ્ડિંગની સામે સોનીપાર્ક, તાતીથૈયા, તા–પલસાણા,જી.–સુરત.<br>મૂળ રહે–બહરામપુર ગામ થાના–સમસ્તીપુર,તા–સોકામા,જી–પટના (બિહાર)<br>(૩) નામ:– કૈલાસચંન્દ્ર રઘુલાલ રતનલાલ મેવાડા<br>ઉંમર:–૩૦. ધંધોઃ– વેપાર<br>સરનામુંઃ– રૂમ નં.૪,૫,૬ પ્લોટ નં.૧,૨ ખોડીયાર બિલ્ડીગ સોનીપાર્ક, તાતીથૈયા, તા.પલસાણા,જી.સુરત.<br>મૂળ રહે–ભાદરસી ગામ, થાના–બદનોર, જી– |

| | |
|---|---|
| | બિલવાડા(રાજસ્થાન)<br>(૪) નામ:– વિનોદ શોભનાથ રામભરન મિશ્રા<br>ઉંમર:–૪ર ધંધોઃ– વેપાર<br>સરનામુંઃ– રૂમ નં.૬ જય માતાજી બિલ્ડીગ સોનીપાર્ક, તાતીથૈયા, તા.પલસાણા,જી.સુરત.<br>મૂળ રહે–ટીકરા ગામ થાના–પવારા, તા–મછલીશહર,જી–જોનપુર (ઉતરપ્રદેશ) |
| બચાવપક્ષેઃ– | આરોપી નં. ૧ તરફે કોઇ નહી.<br>આરોપી નં. ૨,૩,૪ તરફે વિદ્વાન વકીલશ્રી આર.પી.શાહ |

| | |
|---|---|
| ગુનાની તારીખ:– | ૦૫.૦૮.૨૦૨૧ |
| પ્રથમ બાતમી અહેવાલની તારીખ:– | ૦૫.૦૮.૨૦૨૧ |
| આખરી અહેવાલ રજુ થવાની તારીખ:– | ૨૨.૧૨.૨૦૨૧ |
| તહોમતનામું ધડયાની તારીખ:– | ૦૭.૦૨.૨૦૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ:– | ૦૭.૧૧.૨૦૨૪ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ:– | ૨૩.૦૩.૨૦૨૬ |
| ચુકાદાની તારીખ:– | ૨૩.૦૩.૨૦૨૬ |
| આખરી હુકમ:– | નિર્દોષ ઠરાવી છોડી મૂકેલ છે. |

**–:: આરોપીની વિગત ::–**

| આરોપીનો અનુક્રમ નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો.કા. સંહિતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | સકંન્તી રાજેશભાઇ સોમલા મસાનીયા | ૦૬.૦૮.૨૦૨૧ | ૦૭.૦૮.૨૦૨૧ | ઇ.પી.કો કલમ- ૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબ | નિર્દોષ | - | - |
| ૨. | ગૌરવીદેવી રામુભાઇ મલ્લુભાઇ પાસવાન | ૦૬.૦૮.૨૦૨૧ | ૦૭.૦૮.૨૦૨૧ | " | નિર્દોષ | - | - |
| ૩. | કૈલાસચંન્દ્ર રધુલાલ રતનલાલ મેવાડા | ૦૬.૦૮.૨૦૨૧ | ૦૭.૦૮.૨૦૨૧ | " | નિર્દોષ | - | - |
| ૪. | વિનોદ શોભનાથ રામભરન મિશ્રા | ૦૬.૦૮.૨૦૨૧ | ૦૭.૦૮.૨૦૨૧ | " | નિર્દોષ | - | - |

**-:ચુકાદો:-**

**<u>ફરિયાદપક્ષની ટૂંકમાં હકીકત અને આરોપી વિરુદ્ધનું તહોમત:</u>-**

**(૧)** હાલના કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,તા.૦૫/૦૮/૨૦૨૧ કલાક-૧૨/૩૦ વાગે દરમ્યાન મોજે તાતીથૈયા સોનીપાર્ક ખાતે આવેલ કાલીકા દેવ ફેશન નામની દુકાનની આગળ તા. પલસાણા,જી.સુરત ખાતે આ કામના ફરીયાદી- સાગરીબેન દિનેશભાઇ જામસિંગ ભિલવા,ઉ.વ.-૧૯,ધંધો-મજુરી, હાલ રહે-સોનીપાર્ક સોસાયટી તાતીથૈયા તા-પલસાણા,જિ.સુરત.મુળ રહે-બાગી,તા.ઉકસી,જી.ધાર, મધ્યપ્રદેશનાઓના માથાના વાળ કાપનાર સકન્તી રાજેશભાઇ મસાનિયાનાઓ તથા વાળ કાપવા માટે મદદ કરનાર બહેન નામે ગૌરવીદેવી રામુ અને વાળ કાપવા માટે કાતર આપનાર કૈલાશભાઇ રુગેલાલ મેવાડા તથા ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપનાર વિનોદભાઇ શોભનાથ મિશ્રાનાઓએ એકબીજાની મદદગારી કરી

ફરીયાદીના જાહેરમાં માથાના વાળ કાપી નાખી ફરીયાદીનું અપમાન કરી ફરીયાદીના લાગણી દુભાવી ઇ.પી.કો કલમ-૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબનો ગુનો કરેલાનો આરોપીઓ વિરુદ્ધ આક્ષેપ છે.

ઉક્ત આક્ષેપ અનુસંધાને સંબંધિત પોલીસ સ્ટેશને એફ.આઈ.આર. નોંધી આરોપીઓની અટક કરી તપાસના અંતે આખરી અહેવાલ રજૂ રાખતા આરોપીઓ વિરુદ્ધ પ્રોસેસ ઈસ્યુ કરતા આરોપી નં.૨,૩,૪ નાઓ અત્રેની અદાલતમાં હાજર થતા તેઓને જરૂરી નકલો પૂરી પાડી આરોપીઓનો ગુના સંબંધે જવાબ આંક-૨૩,૨૪,૨૫ થી નોધતા તેમાં તેઓએ સદર ગુનાનો ઈન્કાર કરેલ હોય ત્યારબાદ ફરિયાદપક્ષે પુરાવો નોંધવામાં આવેલ.જયારે આરોપી નં.૧ ને વારંવાર પ્રોસેસ કાઢવા છતાં બજવણી થયેલ નથી.જેથી આરોપી નં.૧ ની ગેરહાજરીમાં સદરહુ કેસ આગળ ચલાવવાનો આંક-૦૧ લગત નામદાર કોર્ટે હુકમ કરેલ છે.

**<u>ફરિયાદપક્ષનો પુરાવોઃ</u>-**

(૨) ફરિયાદપક્ષે શાહેદ નં.૧ પંચ શાહેદ નાગરાજ ભટ્ટુભાઇ પાટીલને આંક-૩૦ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવે છે કે, પોલીસે આશરે ત્રણેક વર્ષ પહેલાં તેમની ત્રણ પંચનામામાં સહી લીધેલી. પંચનામા શેના હતા તેની તેમને ખબર નથી. સદર શાહેદને પંચનામું બતાવવામાં આવે છે. તે જોઇને કહે છે કે, તેમાં પંચ તરીકે તેમની સહી છે. જે સહી તેઓ ઓળખે છે. જે પંચનામાને આંક-૩૧,૩૨,૩૩ થી રજૂ રાખેલ છે.

સદર શાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં ન હોઈ ફરિયાદપક્ષે વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી દ્વારા ફરિયાદપક્ષે ફરી ગયેલ સાક્ષી જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

(૩) ફરિયાદપક્ષે શાહેદ નં.૨ દા.ક.અ.-સુરેશભાઇ ચીમનભાઇને આંક-૩૭ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવે છે કે,તેઓ સને ૨૦૨૧ ની સાલમા કડોદરા જીઆઇડીસી પો સ્ટે મા એ.એસ.આઇ તરીકે તેમની ફરજ બજાવતા હતા. તા. ૦૫/૦૮/૨૦૨૧ ના રોજ પી એસ ઓ તરીકે તેમની ફરજ પર હ્તા ત્યારે આ કામના ફરિયાદી સાગરીબેન દિનેશભાઇ ભીલવા નાઓએ તેમની રૂબરૂમા આવી ફરિયાદ હકીકત લખાવેલ કે આજ રોજ ફરિયાદી પોતે તાતીથૈયા સોની પાર્કમા આવેલ ભાડાના મકાનમા હાજર હતા ત્યારે બપોરે ૧૨/૦૦ વાગે તેમના મુળ

વતનના ગામમા રહેતા સકંન્તિ રાજેશભાઈ મસાનીયા તેમની પાસે આવી ગાળો બોલી મારો પતિ રાજેશ ક્યાં છે તેવુ કહી તમારા બે વચ્ચે પ્રેમ સબંધ છે તેવુ કહી ગાળો બોલી માથાના વાળા પકડી ખેંચીને તાતીથૈયા ખાતે આવેલ કાલિકાદેવ ફેશન નામની દુકાન પાસે લઈ ગયેલા અને ત્યાં હાજર કૈલાશભાઈ મેવાડાએ સકંતિબેનને કાતર આપી ફરિયાદીના વાળા કાપવાનુ કહેતા સકંતિબેન વાળ કાપવા લાગેલા એ વખતે ફરિયાદી છોડાવવાનો પ્રયત્ન કરતા ગૌરીદેવીએ ફરિયાદીને પકડી રાખેલ અને સકંતિબેનને ફરિયાદીના વાળા કાપી નાખેલા. તે વખતે સોની પાર્કમા રહેતા વિનોદભાઈ મિશ્રા ત્યાં આવી કહેતા હતા કે હવે પછી તુ બીજા પુરૂષ સાથે પ્રેમ સબંધ રાખશે તો તને જાનથી મારી નાખવાની ધમકી આપેલાની ફરિયાદીએ તેમની રૂબરૂમા ફરિયાદ લખાવેલી. જે અસલ ફરિયાદ તેમને બતાવવામા આવે છે જેમા ફરિયાદીની સહીંની બાજુમા રૂબરૂપણામા તેમની સહીં છે એ એજ છે. જે અસલ ફરિયાદ તેઓ રજુ કરે છે. જેને રજુ દાખલ આંક–૩૮ આપવામા આવે છે. ત્યારબાદ તેમણે સદર ફરિયાદને કડોદરા જીઆઈડીસી પો.સ્ટે.ગુ.ર નંબર –૧૫૭૬/૨૦૨૧ ઈ પી કો કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ મુજબનો ગુનો દાખલ કરી આ ગુનાની તપાસ પી.એસ.આઈ– કે. કે. સુરતીને સોપેલી.

સદર શાહેદ બચાવપક્ષની ઊલટતપાસમાં એ હકીકત કબૂલ રાખે છે કે,કહેવાતા બનાવની ફરીયાદને નંબર પાડવા સિવાય તેઓએ બીજી કોઈ કાર્યવાહી કરેલ નથી.

(૪) ફરિયાદપક્ષે શાહેદ નં.૩ કાન્તીભાઈ કેશવભાઈ સુરતીને આંક–૪૫ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, તેઓ સને ૨૦૨૧ ની સાલમાં કડોદરા જીઆઈડીસી પો.સ્ટે માં પોસઈ તરીકે તેમની ફરજ બજાવતો હતો ત્યારે કડોદરા જીઆઈડીસી પો.સ્ટે ગુ.ર.નં.૧૫૭૬/૨૦૨૧ ઈપીકો કલમ– ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ ના ગુનાના કામની તપાસ પીએસઓ તેમને સોંપેલ. તેમણે તેમની તપાસમાં પંચો રૂબરૂ ગુનાવાળી જગ્યાનુ પંચનામું, આરોપી પાસેથી ગુનામાં વાપરેલ કાતરનું પંચનામુ તથા આ મારામારીની કલીપ ની સીડી નું પંચનામુ કરેલુ. ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નીવેદનો તેઓના લખાવ્યા મુજબના લખી લીધેલા. આ કામના આરોપીઓ વીરુધ્ધ પુરતો પુરાવો જણાતા તેમણે ચાર્જશીટ કરેલું. તેઓ આરોપીઓને ઓળખે છે.

સદર શાહેદ બચાવપક્ષની ઊલટતપાસમાં એ હકીકત કબૂલ રાખે છે કે,

કહેવાતા બનાવ વાળી જગ્યાએ ભીડભાડ વાળો વીસ્તાર છે. ક્લીપની સીડી બનાવેલ તે બાબતે કોઇ ૬૫(બી) નુ સર્ટી રજુ રાખેલ નથી. સાહેદ એ હકીકતનો ઇન્કાર કરે છે કે,પંચો ની તૈયાર લખેલા કાગળોમાં સહીં લીધેલી. તથા સાહેદોના નીવેદન મારી મરજી મુજબ લખી લીધેલા. સાહેદ એ હકીકતનો પણ ઇન્કાર કરે છે કે આ કામના આરોપીઓ વીરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલુ.

(૫) ફરિયાદપક્ષે શાહેદ નં.૪ સંગીતાબેન સંતોષભાઇ શર્માને આંક-૪૯ થી તપાસવામાં આવેલ છે.સાહેદને ગુજરાતી ભાષાનુ ગ્નાન ન હોય, હિન્દી ભાષામા પ્રશ્નો પુછી તેનું ગુજરાતી ભાષામા અનુવાદ કરી જુબાની નોંધવામા આવે છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, બનાવ આશરે ૪ વર્ષ અગાઉ બનેલો. તે સમયે તેઓ તેમના છોકરાને લઇને બજાર ગયેલ હતા,ત્યાંથી પરત તેમની તાતીથૈયા સોનીપાર્ક ખાતે આવેલી સંજના કટલરી ની દુકાને આવતા તેમને વાતોવાત થી જાણવા મળેલ કે સાગરીબેનને કેટલાક લોકોએ માથાના વાળ કાપી નાખેલા. આ વાળ કોણે કાપેલા તેની તેમને ખબર નથી કે પાછળથી પણ આ લોકોના નામ તેમને જાણવા મળેલા નહીં. પોલીસ તેમની દુકાને આવી તેમનું નામ ઠામ પુછી ગયેલી. તે સીવાય તેઓ બીજુ કંઇજ જાણતા નથી.

સદર શાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં ન હોઈ ફરિયાદપક્ષે વિદ્ધાન મદદનીશ સરકારી વકીલશ્રી દ્ધારા ફરિયાદપક્ષે ફરી ગયેલ સાક્ષી જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

સદર શાહેદ બચાવપક્ષની ઊલટતપાસમાં એ હકીકત કબૂલ રાખે છે કે, બનાવ તેમણે નજરો નજર જોયેલો નથી. બનાવ બન્યો તે સમયે તેઓ તેમના બાળકો સાથે બહાર ગયેલ હતા.

(૬) ફરિયાદપક્ષે શાહેદ નં.૫ પંચ શાહેદ રાજેન્દ્રભાઇ ભુરાભાઇ પાટીલને આંક-૫૪ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવે છે કે, પોલીસે આશરે ત્રણેક વર્ષ પહેલાં તેમની ત્રણ પંચનામામાં સહી લીધેલી. પંચનામા શેના હતા તેની તેમને ખબર નથી. સદર શાહેદને પંચનામું બતાવવામાં આવે છે. તે જોઇને કહે છે કે, તેમાં પંચ તરીકે તેમની સહી છે. જે સહી તેઓ ઓળખે છે. જે પંચનામાને આંક-૩૧,૩૨,૩૩ થી રજૂ રાખેલ છે.આ સિવાય તેઓ બીજું કંઇ જાણતા નથી.

સદર શાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં ન હોઈ ફરિયાદપક્ષે વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી દ્વારા ફરિયાદપક્ષે ફરી ગયેલ સાક્ષી જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક–૫૮ ની કલોઝીગ પુરસીસથી ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

**<u>આરોપીનું વિશેષ નિવેદન તથા બચાવપક્ષનો પુરાવો તથા દલીલો:</u>–**

**(૭)** ઉપરોક્ત પુરાવો નોંધ્યા બાદ રેકર્ડ આધારિત ફરિયાદપક્ષનો પુરાવો જોતાં આરોપીઓ સામે ગુનાહિત આક્ષેપો અંગે પ્રાથમિક પુરાવો રેકર્ડ પર આવેલ ન હોવાથી આરોપીઓનું ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. ત્યારબાદ દલીલો સાંભળવામાં આવેલ.

**<u>ન્યાય નિર્ણયઃ</u>–**

**(૮)** આમ, ઉપર્યુકત પુરાવાને ધ્યાને લઈ અત્રેની અદાલત પાસે ન્યાયનિર્ણય માટે પ્રશ્ન રહેલ છે કે, આ કામના પકડાયેલ આરોપીઓ એકબીજાની મદદગારી કરી ફરીયાદીનાજાહેરમાં માથાના વાળ કાપી નાખી ફરીયાદીનું અપમાન કરી ફરીયાદીની લાગણીદુભાવી,ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી ઈ.પી.કો.કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે કે કેમ?

**(૯)** આ કામે આંક–૩૦ તથા આંક –૫૪ થી તપાસેલા ગુનાવાળી જગ્યાના પંચ તથા ગુનામાં વપરાયેલ કાતર કબજે કરનાર પંચ સાહેદોએ ફકત પંચનામાઓમાં પોતાની સહી જ ઓળખી બતાવેલ છે, તેઓએ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન કરતા ન હોય તેમજ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ ન હોય ફરિયાદપક્ષે તેઓને ફરી ગયેલ શાહેદ જાહેર કરેલા છે.

**(૧૦)** આ કામે સાહેદ સંગીતાબેન સંતોષભાઇ શર્માને આંક–૪૯ થી જુબાનીનું મુલ્યાંકન કરવામાં આવે તો તેઓ જણાવે છે કે તેઓએ બનાવ નજરો નજર જોયેલ નથી. જયારે બનાવ બન્યો ત્યારે તેઓ તેમના બાળક સાથે બહાર ગયેલા હતા. સદર શાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં ન હોઈ ફરિયાદપક્ષે વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી દ્વારા ફરિયાદપક્ષે ફરી ગયેલ સાક્ષી જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી. તથા આ કામે આંક–૩૭ થી દાખલ કરનાર

અમલદારની જુબાની જોવામાં આવે તો તેઓએ  કહેવાતા બનાવની ફરીયાદને નંબર પાડવા સિવાય બીજી કોઇ કાર્યવાહી કરેલ નથી. વધુમાં આ કામે ત.ક.અ. ને આંક–૪૫ થી તપાસેલા છે. તેઓ એ હકીકત કબુલ રાખે છે કે, કહેવાતા બનાવ વાળી જગ્યાએ ભીડભાડ વાળો વીસ્તાર છે. તેમ છતાં તપાસ એજન્સી ધ્વારા આ કામે કોઇ ત્રાહિત વ્યકિતીઓને આ કામે જોડવાનો પ્રયત્ન કરેલ નથી. તેમજ ક્લીપની સીડી બનાવેલ તે બાબતે કોઇ ૬૫(બી) નુ સર્ટી રજુ રાખેલ નથી. જયારે કોઇ ઇલેક્ટ્રોનિક સ્વરૂપે પુરાવો રજુ રાખવામાં આવે ત્યારે તેની પૃષ્ટી હેતુ માટે ૬૫(બી) નું સર્ટીફીકેટ રજુ પુરાવાને સાબિત કરવા માટે આવશ્યક બાબત બની રહે છે, જે આ કામે રજુ નથી. જે ફરીયાદ પક્ષના કેસ માટે શંકા નિપજાવે તેવી બાબત છે.

**(૧૧)** આ કામે ફરીયાદીને વારંવાર સમન્સ કાઢવા છતાં તેઓ મળી આવેલ નથી. આમ આ કામે અત્યંત મહત્વના સાહેદ એવા ફરીયાદી કે જેઓ સાથે આ બનાવ બનવા પામેલ છે.તેઓની જુબાની સદરહુ કામે મહત્વપુર્ણ ગણાય તે રેર્કડ પર આવવા પામેલ નથી  કે રેર્કડ પર આવી શકેલ નથી.વધુમાં સરકાર તરફે આંક–૫૮ થી સાહેદો તપાસવા માંગતા નથી તેવું કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે. આમ ફરીયાદ પક્ષના મુખ્ય એવા  ફરીયાદીને રેકર્ડ પર લાવી ફરીયાદ પક્ષ તપાસી શકેલ નથી.જયારે બનાવ બાબતે ફરીયાદીની ફરીયાદમાં જણાવ્યા મુજબના સાહેદોને તપાસતાં તમામ સાહેદો તથા પંચો હોસ્ટાઇલ થયેલ છે એટલે કે ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી. આમ બનાવને આંક–૩૮ થી રજુ ફરીયાદથી સમર્થન મળે  છે, પણ ફરીયાદીને જે જાનથી મારી નાખવાની ધમકી, જાહેરમાં આરોપીઓ ધ્વારા વાળ કાપી નાખી અપમાનિત થવાની લાગણી  થયેલી છે તે  હાલના આરોપીઓ ધ્વારા કરવામાં આવેલ હોય તેવો કોઇ સ્પસ્ટ પુરાવો રેર્કડ પર ફરીયાદ પક્ષ લાવી શકેલ નથી. જેથી બનાવમાં આરોપીઓની ભુમિકા એક શંકા ઉત્પન્ન કરે છે.

વધુમાં ના. ગુજરાત વડી અદાલતે "પ્રવિણભાઇ બેચરભાઇ વણકર વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત "જે ૨૦૦૭(૧) જી.એલ.એચ. પાન નં.૩૩૭ ના ચુકાદામાં એમ ઠરાવેલ છે કે, **<u>“In order to convict an accused under Section-504 of Indian Penal Code, the actual word used by the accused must be brought on record by the prosecution from the mouth of the witness. The insult envisaged by Section-504 must not only be intentional but also thereby must give provocation to person insulted to breach public peace or to</u>**

**<u>commit any other offence In order to convict an accused under Section-506(2) of Indian Penal Code, the threat as contemplated in Section-506 must cause alarm in the mind of person so threatened."</u>**

આમ, ના. ગુજરાત વડી અદાલતે એમ ઠરાવેલ છે કે, આરોપીને ઇ.પી.કો. કલમ-૫૦૪ હેઠળ તકસીરવાન ઠરાવવા માટે આરોપીઓ દ્વારા બોલવામાં આવેલા શબ્દો રેકર્ડ પર આવવા જરૂરી છે તથા તે શબ્દો જે વ્યક્તિને ઉદ્દેશીને બોલવામાં આવેલ હોય તે વ્યક્તિ જાહેર શાંતિનો ભંગ કરવા પ્રેરાયેલ હોવી જોઇએ કે તેમ કરવા સંભવ હોય. વધુમાં ઇ.પી.કો. કલમ-૫૦૬(૨) હેઠળ તકસીરવાન ઠરાવવા માટે જે વ્યક્તિને ધમકી આપવામાં આવી હોય તે વ્યક્તિને ભય ઉત્પન્ન થયેલ હોવો જોઇએ. આ કામે શાહેદોનો પુરાવો જોતાં આરોપીઓએ જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

**(૧૨)**ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૧ મુજબ ફરિયાદપક્ષનો કેસ પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની હોય છે અને ફરિયાદપક્ષે તેમના પોતાના વિશ્વાસપાત્ર અને સજ્જડ પુરાવાથી આરોપીઓ સામેનો કેસ વાજબી શંકાથી પર પુરવાર કરવો જોઇએ. આરોપીઓ ઉપર તે પોતે નિર્દોષ છે તેવું સાબિત કરવાનો નકારાત્મક બોજો નાંખી શકાય નહિં.

**(૧૩)** આમ, રેકર્ડ પર આવેલ પુરાવો જોતાં એ હકીકત નિશંકપણે પુરવાર થતી નથી કે, આરોપીઓએ ઇ.પી.કો.કલમ-૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ હેઠળનો ગુનો કરેલ હોય. જે સંબંધે રેકર્ડ પરના પુરાવાઓ જોવામાં આવે તો, શાહેદોની જુબાની જોતાં, તેઓએ પોતાની જુબાનીમાં એવી કોઇ હકીકત જણાવેલ નથી કે જેથી આરોપીઓએ ઇ.પી.કો.કલમ-૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ હેઠળ તકસીરવાન ઠરાવી શકાય.

**(૧૪)**આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં આરોપીઓને આક્ષેપિત ગુનાઓ સાથે સાંકળી શકાય તેવો કોઇ પુરાવો ફરિયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આમ, ફરિયાદપક્ષ આરોપીઓ વિરુદ્ધનો પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી. આથી કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>આખરી નિર્ણયઃ-</u>

**(૧)** આ કામના આરોપીઓને ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૨૪૮(૧) હેઠળઇ.પી.કો કલમ-૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબ સબબ પુરાવાના

અભાવે નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** દરેક આરોપીએ ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૪૩૭(ક) મુજબના રૂ.૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરાના) જાત મુચરકા અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** આ કામે કબજે કરવામાં આવેલ મુદામાલનો અપિલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તારીખઃ ૨૩, માહેઃ માર્ચ, સને ૨૦૨૬ ના રોજ આ હુકમ સહી કરી વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૨૩/૦૩/૨૦૨૬
મુ.પલસાણા.

**(જે.જે. આહુજા)**
જ્યુડિ. મેજિ. ફર્સ્ટ ક્લાસ, પલસાણા.
U.I.Code No.GJ01436

## –:ચુકાદાનું પરિશિષ્ટ:–

<u>ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષી</u>

<u>અ. ફરિયાદપક્ષ</u>

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૧ | નાગરાજ ભટ્ટુભાઇ પાટીલ | પંચ |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૨ | સુરેશભાઇ ચીમનભાઇ | દા.ક.અ. |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૩ | કાન્તીભાઇ કેશવભાઇ સુરતી | ત.ક.અ. |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૪ | સંગીતાબેન સંતોષભાઇ શર્મા | સાહેદ |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૫ | રાજેન્દ્રભાઇ ભુરાભાઇ પાટીલ | પંચ |

<u>બ. બચાવપક્ષ</u>

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બચાવપક્ષે શાહેદ ક્રમાંક | બચાવપક્ષે કોઈ શાહેદ તપાસેલ નથી. | --- |

<u>ક. અદાલત દ્વારા</u>

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| અદાલત દ્વારા તપાસેલ શાહેદ ક્રમાંક | અદાલત દ્વારા પણ કોઈ શાહેદ તપાસેલ નથી. | --- |

<u>ફરિયાદી/બચાવ/અદાલત દ્વારા રજુ દસ્તાવેજોના આંકની યાદી</u>

<u>અ. ફરિયાદી</u>

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ૩૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૨ | ૩૨ | પંચનામું |
| ૩ | ૩૩ | પંચનામું |
| ૪ | ૩૮ | ફરીયાદ |

 બ. બચાવ

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | બચાવપક્ષે કોઈ પુરાવા રજુ થયેલ નથી. | – |

ક. ન્યાયાલય

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | અદાલત દ્વારા કોઈ પુરાવા નોંધવામાં આવેલ નથી. | – |

ડ. ભૌતિક પદાર્થ

| અનુક્રમ | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ૧ | પીતળની તથા લોખંડના જાડા પતરાવાળી કાતર |
| ૨ | ૧ | સોની કંપનીની CDR સીડી જે ૭૦૦ MB ની CDR –સીડી |

તા.૨૩/૦૩/૨૦૨૬
મુ.પલસાણા.

જે.જે. આહુજા
જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
પલસાણા.